સમયસાર ગાથા ૧૪૩ ટીકા

| કેવળી ભગવાન | શ્રુતજ્ઞાની આત્મા |
|---|---|
| ૧. વિશ્ર્વના સાક્ષીપણાને લીધે | ૧. ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે |
| ૨. શ્રુતજ્ઞાનના અવયભૂત જે વ્યવહારનિશ્ર્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે | ૨. શ્રુતજ્ઞાનના અવયભૂત વ્યવહારનિશ્ર્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે |
| ૩. પરંતુ, નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે | ૩. પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્યઉદિત, ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે) |
| ૪. સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઇને | ૪. તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઇને |
| ૫. શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) | ૫. શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે |
| ૬. સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઇ પણ નયપક્ષને ગ્રહતા નથી | ૬. સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઇ પણ નયપક્ષને ગ્રહતો નથી |
| | તે આત્મા ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર,પરમાત્મા જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે. |